# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

ટીવી-બેનરે પ્રચાર-ડ્રગનો, નશો ચઢ્યો છે,
લાગી છે લત, સત્તાના-ડ્રગનો, નશો ચડ્યો છે,
ચઢ્યો છે નશો વિશ્વ છવાઇ-ગવાઇ જવાનો -
સંઘ સાંસદોને નિવેદનીયો નશો ચઢ્યો છે.
(હિંદુ રાષ્ટ્ર - મનની વાત)

## હાઈકુ

સરની હાક
- ને બ્હેનજીની ધાક
સાહેબો ધ્રૂજે
(આઠ ડિગ્રીનું વાઇબ્રન્ટ)

આવી ભીંસમાં -
પુટિન-ઓબામા વચ્ચે,
વિદેશ નીતિ...
(ન પશુ ન પંખીમાં..)

## ચિંતન

**સત્યં સત્યં મુનેર્વાક્યં નાદત્તમુપતિષ્ઠતે । અમ્બુભિઃ પૂરિતા પૃથ્વી ચાતકસ્ય મરુસ્થલી ॥**

'ઋષિ મુનિઓનું આ કથન ખરેખર સત્ય જ છે, કે જો આપ્યું ન હોય તો તે પામી શકાતું નથી. આ પૃથ્વી જળથી ભરપૂર છે છતાં પણ ચાતક માટે તો તે નિર્જળ-મરૂભૂમિ-રણ સમાન જ છે.'

પૂણ્યફળ-કર્મ - સંચિત કર્મોના પરિણામથી જ સુખ-દુખ પ્રાપ્ત થાય છે. આ જન્મમાં જ જેણે માતા-પિતા-ગુરુ-મિત્રોને સંતાપ આપ્યો હોય એને પાછલી અવસ્થામાં આ જન્મમાં જ એનાં ફળ-પરિણામ ભોગવવા પડે છે. નિઃશ્વાસ-ગરીબોની હાય-જેવો નિસાસો પછી કોઇ ગરીબનો-સંબંધીનો-કે પ્રાણીઓનો હોય - એનું પરિણામ પણ ભોગવવું પડે છે. આથી જ કોઇને નિરાશ-હતાશ-દુખી ન કરવા સુખ-સંતોષ આપવાનું તમારાથી શક્ય ન હોય તો દુઃખ તો ન જ આપો. આપ્યા વિના પામી શકાતું નથી. આ જન્મ કે પછીના જન્મોમાં પણ મળશે. અહીં 'ચાતક' ના દૃષ્ટાંતથી આ વાત સમજાવી છે.

## સુવિચાર

- તારા દુઃખને વિખેરી નાખ, તારા સુખને વિખેરી નાખ, પાણીમાં જળકમળવત થઇ, જીવતરનું ગાડું હાંક - **અવિનાશ દેસાઇ**
- જનમજનમનાં બંધન ત્યજીને, કદી છૂટવાનું સમય શીખવુ છે.. કુદરત કરે છે કદી ઘાવ ઘેરા, પછી ભૂલવાનું સમય શીખવે છે - **સ્નેહલ દેસાઇ**
- દિલ સે દિલ મિલાને કી તમન્ના જબ નહીં હૈ દિલ મેં, હાથ સે હાથ મિલાને કી ઝરૂરત ક્યાં હૈ? - **શાહિદ કબીર**
- માતાની ગોદમાં સ્વર્ગ છે, પણ સ્વર્ગમાં માતાની ગોદ નથી - **ચંદ્રકાન્ત બક્ષી**
- સુખી દાંપત્યજીવન માટે પ્રશંસા નહીં, સતત પ્રોત્સાહનની જરૂર છે - **કાજલ વૈદ્ય**
- ભારત જ એક એવો દેશ છે કે જેણે વિશ્વની સર્વ સંસ્કૃતિમાંથી શ્રેષ્ઠત્તર વસ્તુને સ્વીકારી લઇને સમન્વય કરીને એક શ્રેષ્ઠ વિશ્વસંસ્કૃતિ આપી છે - **દિનકર જોશી**
- સ્વકેન્દ્રિતા જ બધા ઉત્પાતનું મૂળ છે, 'સ્વ' ભલે હોય, પણ તેને કેન્દ્ર ન બનાવો - **ઇસુ**

**- (સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

આપણે આ સંસારમાં ખાલી મુઠ્ઠી લઇને આવ્યા હતા અને ખાલી મુઠ્ઠી હથેળી ખૂલ્લી રાખીને જ જવાના છીએ. સાથે કંઇક આવવાનું નથી. 'મારા' કહીએ તે અત્યારે પણ તમારા નથી. ઘર-ધન-સમૃદ્ધિ બધું જ અહીં રહી જવાનું છતાં મારું હક્ક-અધિકાર-નામે પારિવારિક કોર્ટ-કબાલા થાય જ છે. એ આપણો અહંકાર-મદ-ગેરસમજ છે.

એક મોટા સંત રાજદરબારમાં આવ્યા. સંતની વાતોથી રાજા પ્રભાવિત થઇ ગયો. સંતને કહ્યું હું આપને મારા ખજાનામાંથી સમૃદ્ધિ આપવા ઇચ્છું છું. બોલો શું અને કેટલું આપું?

સંત કહે - રાજન્ - એ ખજાનો પ્રજાનો છે તારો એના પર કોઇ અધિકાર નથી.

રાજા કહે - મારી જમીન-જાગીર વિશાળ છે એમાંથી આપ કહો તે - ત્યાં જમીન આપું!

સંત કહે આ જમીન તારા પૂર્વજોની કમાઇ છે, તારી નથી.

રાજા કહે - મારા મહેલ - મેં જ બંધાવ્યો છે. એમાંથી થોડો ભાગ આપું!

સંત કહે - એના પર તારા પરિવાર-બાળકોનો અધિકાર છે. રાજા એ થાકી હારી પૂછ્યું - તો આમાં મારું શું છે જે હું આપી શકું?

સંત કહે - તારી પાસે તારો અહંકારનો ખજાનો છે. મારું મારું કરી જે મમત્વ કેળવ્યું છે એ બધો અહંકાર મને આપી-ખાલી થઇ જા. બધું જ ઇશ્વરનું છે મારું કંઇ જ નથી નો ભાવ કેળવીશ ત્યારે તું સમૃદ્ધ થઇશ - માટે મને તું તારો 'અહંકાર આપી દે.'

Email - sureshchandrabhatt18@gmail.com

# DDLJ 1000 Not Out...!! તુજે દેખા તો યે જાના સનમ...!!

## રાઇના પીળા ફૂલોના ખેતરમાં 'મેરે ખ્વાબોં મેં જો આયેં'ની કાજોલનું સપનું રોમેન્ટીક અલ્લડ શાહરૂખનું 'મહેંદી લગાકે રખના' લાગતું બધાને બધું પોતાનું

'તુજે દેખા તો યો જાના સનમ' ની મેલોડિયસ ધૂન રેડિયો વન અમદાવાદ સ્ટેશને વાગી રહી હતી. સિમરનના હાથમાં આજનું અખબાર હતું અને એમાં સમાચાર હતા... 'દિલવાલે દુલ્હનીયાં લે જાયેંગે' ના એક હજાર અઠવાડિયા પૂર્ણ થયા... આ સિમરનને પણ એ ડીડીએલજે ના રાજ-સિમરન અને એની લવસ્ટોરી યાદ આવતાં જ એ વીસ વર્ષ પૂર્વેનાં ફલેશબેકમાં ચાલી ગઇ...

આજેય એ ફિલ્મના ગીતો વાગે છે અને રાઇના ખેતરમાં દુપટ્ટો લહેરાવતી દોડતી સિમરન, સ્વિસ કાઉબેલ ગળામાં પહેરીને ફરતી ગાય જેવી દેખાય અને સામે બંને હાથ ફેલાવીને સિમરનને સામે ભેટવા જતો રાજ આજેય આંખો સામે જેમના તેમ દેખાય છે... પણ એટલે ડીડીએલજે વાળા રાજ-સિમરનની વાર્તા માત્ર એ બંનેની નહોતી એ વખતની યંગ જનરેશન બધાં જ એમની કાજોલ જેવી પ્રેયસી અને રાજ જેવો ડ્રિમબોય જોતા હતા!

'ઘરવાલે દેખતે રહ જાયેંગે' એવું કોન્ફીડન્સ સાથે કહેતા રાજે એની દુલ્હનીયા લઇને એના પોપ્સ સાથે લંડન નીકળી ગયો. એનો હેપ્પી એન્ડીંગ વખતે દોડતી ટ્રેન સાથે રાજ-સિમરનની વાર્તા પતી ગઇ... પણ ખરેખર તો પતી જ નહીં કારણ એ લવસ્ટોરી એ બંનેની નહોતી...

'દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે' જેવું લાંબુ નામ ધરાવતાં ફિલ્મમાં એવું તે શું હતું કે આજે ૧૯ વર્ષ બાદ એની યાદ આવતાં જ રોમાંચિત થવાય છે. મન ફરી ટીનએજમાં પહોંચી જાય છે. પ્રેમમાં પડનારું અને કાજોલ - શાહરૂખ ફેન્ટસીમાં બનનારું મન મોર બની થનગનાટ કરવા લાગે છે. સિમરનને યાદ આવ્યું કે ડીડીએલ જે રીલીઝ થયું ત્યારે એ માત્ર ૧૮ વર્ષની હતી. અને કૉલેજમાં પગ મુક્યો હતો. બારમાની પરીક્ષાનું છેલ્લું પેપર આપી એ જ દિવસે બહેનપણી સાથે 'રોજા' જોવા ગઇ હતી, 'દિલ હૈ છોટા સા છોટી સી આશા' ગાતાં ગાતાં 'આસમાનોં મેં ઉડને કી આશા, ચાંદ તારો કો છૂને કી આશા' ના સપના ત્યારે જ મનમાં જગ્યા બુક કરાવતાં હતા...



આપણા ભારત દેશમાં કંઇક ભયાનક ચાલે છે, આતંકવાદી સક્રિય છે અને દંગા-ફસાદને કારણે ભયનું વાતાવરણ છે. આમ તો એને ઝાઝી ખબર પડતી નહોતી તોય બાબરી મસ્જિદ ધ્વંસ થયો, મુંબઇ સળગ્યું, બોમ્બ વિસ્ફોટ થયાં, સત્તા પરિવર્તન થયું... આવું બધું એને છાપા વાંચીને ખબર પડતી હતી... આ દરમિયાન એના ઘરમાં બીપીએલ કોર મોડેલનું રિમોટવાળું ટીવી પણ પપ્પા હસેથી ખરીદી લાવ્યાનાં પેડા વહેંચાયા હતા!!



Hello ફ્રેન્ડસ!

—સંજય થોરાત

hellogandhinagar@gmail.com

'હમલોગ', 'રજની', 'માલગુડી ડેઇઝ' સિરીયલો ગમતી હતી અને એ વખતે 'સર્કસ'ની રિંગમાં શાહરુખ દેખાતો ત્યારે પપ્પાના શબ્દો હતા કે 'આ કલાકાર આગળ આવશે' અને એજ વખતે મુંબઇના સામાન્ય પરિવારનો ઓછી હાઇટ વાળો એક સચિન તેંડુલકર નામનો છોકરો સફળતા અને પ્રસિદ્ધિના શિખર તરફ પ્રયાસ કરવા ક્રિઝ બહાર નીકળી કાદિરને છગ્ગા મારતો હતો. સિમરનને બધું જ બરાબર યાદ આવતું હતું. પ્રાઇવેટ કંપનીમાં કામ કરતાં પપ્પાની વાત યાદ આવતી હતી, 'ગ્લોબલાઇઝેશન થઇ રહ્યું છે, ભણો નહીં તો તમને કુતરુંય નહીં ઊભું રાખે. ગુણવત્તા હશે તો પૈસા અને પ્રસિદ્ધિ મળશે.' છાપામાં કંઇક ને કંઇક સારા સમાચાર આવતા ૧૬ વર્ષનો સચિન ગ્રેટ બનતો હતો તો સાઉથનો પ્રભુદેવા માત્ર ૨૧ મે વર્ષે એક ગીત કોરિયોગ્રાફી કરવાના ૫૦ લાખ રૂપિયા લે છે એવું ય ધ્યાને આવ્યું હતું!!

વિશ્વનાથ આનંદ કાસ્પોરોવને હરાવીને વિશ્વવિજેતા બન્યો હતો. મધુ સપ્રે અને મિલિંદ સોમણની અજગર સાથે લપેટાયેલી બુટની જાહેરાત વિવાદના કેન્દ્રમાં હતી. પણ સિમરનની બહેનપણીઓ મધુ સપ્રેની ડેરિંગથી મોંમાં આગળા ઘાલતી હતી. ૨૦ વર્ષ પહેલાં કપડાંની કોઇ કમી નહોતી એટલે કોઇ હિરોઇન કપડાં ઉતારીને કામ કરે તો એ ચમત્કાર કહેવાતો!! અરે હા, આ ચમત્કારમાં જ એક દિવસ ગણપતી બાપ્પા દૂધ પીવા લાગ્યા હતા. સિમરન એની બહેનપણી સાથે વાડકી દૂધ લઇ ગણપતિના મંદિરે લાઇન લગાવી ભગવાન એની વાડકીનું દૂધ પીવે એવી પ્રાર્થના પણ કરતી હતી!!

સિમરનની લાઇફમાં એકદમ મસ્ત-રોમેન્ટીક લાગતું હતું અને એ દિવસોમાં 'હમ આપકે હૈ કૌન' ફિલ્મ આવી અને પ્રેમાળ સુંદર પ્યારવાલા પરિવારનું સ્વપ્ન આવ્યું. દસ - દસ વખત આ ફિલ્મ જોઇ અને એની પણ ફેમિલી આવી જ જોઇએ એવા સ્વપ્નમાં રાચતી હતી!! મન એકદમ મેજિકલ બનતું હતું, રોમેન્ટીક થતું હતું. આપણે ગમે તે કરી શકીશું એવો મનસુબો પાક્કો બનતો હતો... જૂની ઠીગડાવાળી વાસ મારતી ગોદડી અને 'ચાદર જોઇ પગ લંબાવો' જેવી મધ્યમવર્ગીય નીતિનિયમનું જીવન બોર કરતું હતું અને એમાં એન્ટ્રી થઇ 'દિલ વાલે દુલ્હનિયા લેં જાયેંગે'ની...

માત્ર ૨૪ વર્ષનો ડાયરેક્ટર આદિત્ય ચોપડા પોતાની પ્રથમ જ ફિલ્મમાં એકદમ ફ્રેશ કલ્પના અને રજૂઆત સાથે રાજ-સિમરનને પરદા પર લઇ આવ્યો. એ બંનેના થકી એ જમાનામાં એણે યુવાનોના મનને સ્પર્શે અને ગમે એવી વાત રમતી કરી... એમાં પ્રેમ, રોમાંસ, એકશન, કોમેડી, મેલોડ્રામા, થ્રિલ્સ, સોંગ્સ, ડાન્સ, બ્યુટી... બધું જ તરત જ ગમી જાય એવું. યુરોપ હોલિડે ટૂરમાં રાજ-સિમરન મળ્યા પ્રેમમાં પડ્યા અને પછી રાજે સિમરનના સંકુચિત માનસ ધરાવતાં પરિવારને પટાવવા અને એની દુલ્હનિયા મેળવવા ધરખમ પ્રયત્નો કર્યા...

'મેરે ખ્વાબોં મે જો આયેં, આકે મુઝે છેડ જાયે...' 'રૂક જા ઓ દિલ દિવાને...' 'જરા સા ઝુમ લુ મેં અરે ના રે બાબા ના'... 'હો ગયા હૈ મુજકો તો પ્યાર સજના...' 'મહેંદી લગા કે રખના, ડોલી સજાકે રખના...' અને સુપરડુપર એવું 'તુજે દેખા તો યે જાના સનમ, પ્યાર હોતા હૈ દિવાના સનમ...' સિમરનને બધાં જ ગીતો યાદ આવી ગયા, એણે બબ્બે વાર કેસેટ ખરીદેલી એટલી વાર એને વગાડી ચૂકેલી...

સિમરનને એનો 'રાજ' એટલે કે 'જીતેન્દ્ર' યાદ આવ્યો. એ પણ ડીડીએલજે નો કેટલો આશિક હતો. એણે તો આ ફિલ્મ ૫૦ વખત જોયેલી, એ ફિલ્મમાં માત્ર કાજોલને જોઇ રહેતો... સિમરનને યાદ આવ્યું કે જમાનામાં છોકરાઓ સાથે વાત કરવાની છૂટ નહોતી પણ બંનેની નજર એક થતી ત્યારે જે રોમાંચ થતો એ પ્રેમની સાક્ષી પુરતો હતો... પણ સિમરનની જીભ કયારેય ઉપડી નહોતી પ્યારના એકરાર માટે...

સિમરને એક નિસાસનો નાંખ્યો અને ફરી ડીડીએલજેના વિચાર તરફ વળી. એ ફિલ્મને દસ એવોર્ડ મળ્યા હતા. ટીવી પર ફિલ્મફેર એવોર્ડ ફંકશન જોવાનો એ જમાનામાં ક્રેજ હતો. શાહરૂખ કેવો બ્લેઝર પહેરીને આવશે? એવી બહેનપણીઓ વચ્ચે ચર્ચા થતી... એને 'સેનોરિટા' અને 'બડે બડે શહેરોંમે છોડી છોટી બાતે હોંતી રહેતી હૈ' જેવા ડાયલોગ યાદ હતા અને કાજોલનો સફેદ ડ્રેસ, એણેય એવો સિવડાવ્યો હતો, પણ રાઇના ખેતર કયાંથી લાવવા? એતો પંજાબમાં હોય અને 'રાજ'??

ફિલ્મમાં સૌથી છેલ્લે અમરીશ પુરી ઉર્ફે બલદેવ સિંગ સિમરનનો ફિટ પકડી રાખેલો હાથ છોડીને બોલે છે, 'જા સિમરન જા, જી લે અપની જિંદગી' ડાયલોગ યાદ આવતાં આ સિમરનને પણ લાગ્યું કે આપણે પણ એની જેમ જ પોતાના 'રાજ' માટે દોડવાની અને પોતાની જિંદગી જીવવાની જરૂર હતી... વિચારોમાં મગ્ન સિમરનને ગીત સંભળાયું, 'હો બેબી ડૉલ મેં સોને દી, યે દુનિયા પિત્તલ દી' ટીપોય પર પડેલા છાપામાં સની લિયોન આંખ મારતી હતી અને એની દીકરી રેડિયો મીર્ચી સ્ટેશન સેટ કરી ચૂકી હતી. એક જ જાટકે વીસ વર્ષનો જમ્પ આવી ગયો હતો...!!

**ચૂંટલો :**

જિંદગી જીવવાના અને શોર્ટકટ સિવાયના પણ રોમાન્સના રસ્તા હોય છે એવો નવો દાખલો રાજ-સિમરનના ડીડીએલજે ફિલ્મે આપ્યો અને એટલે જ આજે પણ એ ફિલ્મ, ગીતો સંવાદ અને સંવેદના અકબંધ છે, ૧૦૦૦ અઠવાડિયા પછી પણ...

# એકાએક મહેતાજીને લાગ્યું કે જાણે મંદિર, રસ્તે અને બધે જ માણસો નથી પણ માત્ર તેના પડછાયાઓ છે, જે કયારેક લાંબા તો કયારેક ટૂંકા થતાં રહે છે, આ પડછાયાઓમાંથી માનવનું અસ્તિત્વ ખોવાઇ રહ્યું છે

## નવાં કલેવર

- નટવર હેડાઉ

સવારના ઝાકળથી ભીના થયેલા ઘાસ પર ખુલ્લા પગે થોડીવાર આમતેમ ચાલ્યા પછી મહેતા સાહેબ બેસી ગયા. એક જગાએ બેસીને ભેજવાળા ઘાસ પર હળવે હળવે પગ ફેરવવાથી એક અનોખા આનંદ મળે છે. આ ભેજવાળો ગલગલી કરાવતો અનુભવ મગજની નસોને એકવાર જાણે કે બહારની દુનિયાના રૂક્ષ પણાથી દૂર લઇ જાય છે. મહેતા પોતાના પગથી જાણે ધરતીનો રસ ખેંચતા હોય એમ દિવસભરનું પોષણ નસોમાં ખેંચી મગજને તરોતાજા કરતા હોય એમ લાગે. આ મહાનગરમાં આવ્યે તેમને એક મહિનો થઇ ગયો. રોજ સવારે બગીચામાં ફરવાનું તેમને ગમે છે. સેક્ટરના જાણીતા-અજાણ્યા ચહેરાઓ એક કૃત્રિમ સ્મિત મહેતા તરફ ફેંકે છે અને એ રીતે અભિવાદનની રસ્મ અદા કરે છે.

હવે એ ગામ પાછા જવા માંગે છે. પણ દીકરો તેમને હજુ થોડા દિવસ વધુ રોકાઇ જવા રાજી કરી લે છે. દીકરો રોહિત અને વહુ મોનિકા ઓફીસે જાય પછી તો તેમનો દિવસ બહુ જ લાંબો થઇ જાય છે. જો કે મહેતા સાબેબ છોડાવાઓને પાણી સીંચે છે. ડેરીમાંથી દૂધ-દહીં લાવવાનું કામ પણ કરે છે પણ એ બધા કામો છતાં દિવસ ટૂંકો થતો નથી. આખો દિવસ મોં પણ જાણે કોઇ એ સિલાઇ કરી નાંખી હોય તેમ મોં બંધ રહે છે. વાત પણ કોની સાથે કરવી? આમ તો નજીકમાં પટેલભાઇ રહે છે. મહેતાને એમ થાય છે કે પટેલ પાસે જઇ વાતો કરું. પણ પટેલ તો દૂરથી જ હલ્લો મિ. મહેતા કહીને પોતાના ઘરને કોઇ પુસ્તકની જેમ બંધ કરી દે છે. મહેતા ને તેમના ઘરનું પુસ્તક વાંચવાની ઘણી ઉત્સુકતા છે. એવું સાંભળવામાં આવ્યું છે કે પટેલનો દીકરો અને વહુ ઘણાં દિવસથી અલગ-અલગ રહે છે. વહુ દીકરાથી રિંસાઇને પિયર જતી રહી છે. ત્યારથી પટેલ દીકરા પાસે આવ્યા છે. રોહિતને મહેતા એ ઘણીવાર પુછ્યું કે તેમની વહુ કેમ જતી રહી છે? પટેલનો દીકરો તો સારું કમાય છે. કોઇ અવગુણ પણ દેખાતો નથી. તો પછી શું કારણ હશે? રોહિત તેમાં કોઇ રસ લેતો નથી. તેથી મહેતા સાહેબ બેચેન બની જાય છે.

આજે શનિવારે દીકરો વહુ ઘેર જ છે. શહેરોમાં પાંચ દિવસ કામ કર્યા પછી શનિ-રવિ રજા રહે છે. શનિવારે નીકળતાં જ તેમને પટેલ નજરે પડ્યા. એ પણ શનિ મંદિરે જ જતા હતા. તેમની ઈચ્છા જાણે કે પુરી થઇ ગઇ. હવે તે પટેલના ઘરના પુસ્તકનાં પાનાં ખોલવવા બેચેન થઇ ગયા. પોતાના ખોયેલા સંસ્કાર તેના પર હાવી થઇ ગયા. વાત આગળ વધારવાના ઇરાદે તેમને પુછ્યું. 'તમે શનિમંદિરે આજે જ જાયઓ છો કે કાયમ.'

વાત પુરી થાય તે પહેલાં પટેલે કહ્યું 'અરે, ના ભઇ આ તો એક જયોતિષીએ કહ્યું કે 'શનિ મંદિરે જવાથી અને તેલ ચડાવવાથી તમારાં કૃષ્ટ દૂર થશે.''

કષ્ટ, ઓહ! તમારે વળી શું કોઇ કષ્ટ છે? ઉત્સુકતાથી મહેતા બોલ્યા. કંઇ વધુ વિચાર્યા વિના જ પોતાના પુસ્તકનાં પાનાં ખોલવા માંડ્યા. અને એક લાંબો નિઃશ્વાસ નાંખી બોલ્યા. 'શું કહું સાહેબ વહુ ઘર છોડીને જતી રહી છે.'

'ઘર છોડીને કેમ?'

'મહેતા સાહેબ તેણે પાછા ઘેર આવવા માટે ઘણી અઘરી શરત મુકી છે.'

'શરત, કેવી શરત?'

પટેલે હૈયા વરાળ ઠાલવવા જાણે કે બેચન હતા. તેથી કહેવા લાગ્યા. 'તમને આખી વાત કરું છું. મહેતાજી તમે લક્કી છો કે તમારી વહુ તમારે ઘરે છે. શું વાત કરું મારા દીકરા વહુ વચ્ચે પણ ખુબ પ્રેમ છે. એકબીજા માટે જીવ દઇ દે એમ છે.'

'તો પછી, વહુ જતી કેમ રહી?'

'સાહેબ અમારું નસીબ જ ખરાબ છે વાત એમ છે કે અમારી વહુને કૂતરાં ખુબ જ ગમતાં અને મારા દીકરાને કુતરા પાળવા બિલકુલ પસંદ નહોતા. પણ મારો દીકરો પત્નીને ખુબ પ્રેમ કરે છે. તેથી તેણે તેના બર્થ ડે પર એક મોંઘો કુતરો તેને ગીફ્ટ કર્યો. મહેતા સાહેબ એ કૂતરો હવે એ બંને વચ્ચે દુઃખનું કારણ બની ગયો છે.'

મહેતા તો ચોંકી ગયા. પટેલભાઇ જો તમારા દીકરાએ પોતે કુતરો ગીફ્ટ કર્યો હોય તો પછી ઝગડો શેનો છે?

મહેતાના મગજમાં એ વાત સમજાતી નહોતી કે શહેરમાં કેવાં કેવાં કારણોસર ઝગડા થઇ શકે છે. પટેલે વાત આગળ વધારતાં કહયું, 'એ કૂતરાથી બંને ધીરે ધીરે એટલો બધો પ્રેમ થઇ ગયો કે બાળકની જેમ તેને પાળવા લાગ્યા. થોડા સમય પછી વહુ પ્રેગ્નન્ટ થઇ. અને ધીરે ધીરે કુતરાથી તેને નફરત થવા લાગી. હવે એ કહેવા લાગી કે આ કૂતરાને કાઢી મુકો. એ ઘરમાં જોઇએ નહીં. પટેલના ચહેરા પર ઉદાસી છવાઇ ગઇ. ફરી એ ક ઊંડો શ્વાસ લઇ બોલ્યા.' હવે મારા છોકરાને એક કૂતરા પ્રત્યે ખુબ જ લાગણી થઇ ગઇ. તે કૂતરાનો પોતાના બાળકના જેટલો પ્રેમ કરવા લાગેલો. તેણે કૂતરાને રાખવાનું કહ્યું, તે માટે તે વહુને પ્રેમથી સમજાવવાની કોશિશ કરતો હતો. ત્યાં એક દિવસ ઓફિસેથી ઘરે આવ્યો ત્યારે ખબર પડી કે વહુ ઘર છોડી જતી રહી છે. તે એક ચીઠ્ઠી લખીને ગઇ છે. 'ઘરમાં હું રહીશ અથવા કૂતરો. મહેતા સાહેબે તો પોતાના જીવનમાં કયારેય આવી વાત સાંભળી નહોતી. તેથી તેમનું મગજ સુન્ન થઇ ગયું.'

વાત કઇ આટલેથી જ અટકી હોય એવું નથી. પટેલે નિરાશ વદને દુઃખ ભર્યા ભીના સ્વરે કહ્યું. 'મહેતાજી હવે તો મારી પોતાની પત્ની પણ મને છોડીને જવાની ધમકી દેવા લાગી છે. હું કરું શું?'

'તમારી પત્ની? કેમ, આ ઉંમરે તમે શું વાત કરો છો?' વિસ્મયથી મહેતા એ કહ્યું.

'મહેતાજી મારો દીકરો કહે છે કે પપ્પા આ કૂતરો તમે તમારી સાથે ગામડે લઇ જાવ. જેથ મારી પત્ની ઘેર આવી શકે. હું આ કૂતરાને કોઇને વેચી નહીં શકું. પણ મહેતાજી મારી પત્ની કહે છે કે જો ઘરમાં કૂતરાને લાવશો તો હું ઘર છોડીને જતી રહીશ. હું રહીશ અથવા કૂતરો રહેશે.'

મહેતાનું માથું ફરવા લાગ્યું. આ તો કેવી મોટી મુસીબત, પતિ-પત્નીનો ઝગડો આવી બાબતે હોય એવું તો તે કયારેય વિચારી પણ શકતા ન હતા. તેમણે પટેલ પ્રત્યે સહાનુભૂતિ દર્શાવતા કહ્યું, 'ભાઇ હવે તમે શું કરશા?' પટેલે ઉદાસ સ્વરે કહ્યું. 'શું કરું સાહેબ દીકરાનું ઘર વસે છે તો બાપનું ઘર ભાંગે છે. મારો દીકરો કહે છે કે પપ્પા તમારે તો ગામડામાં બે ઘર છે. જો મમ્મી કુતરા સાથે રહેવા ન માંગતી હોય તો એક ઘરમાં તમે કુતરા સાથે રહેજો ને બીજા ઘરમાં એ રહેશે. આમ પણ તમારી તો ઉંમર થઇ ગઇ છે. તમે હવે સાથે રહો કે દૂર તેમાં શું ફરક પડવાનો છે. અમારી સામે તો હજું આખી જિંદગી છે. અને તે માં બનાવાની છે. તમે ઔલાદ માટે આટલું તો કરી જ શકો.'

મહેતા સાહેબ તો આ વાત સાંભળી ને છક થઇ ગયા. શું પ્રતિક્રિયા આપવી એ તેમને સમજાતું નહોતું. કેમ કે શહેરમાં આવીને આજે પહેલીવાર એમને એમ લાગતું હતું કે અહીં માણસનું ખોળીયું તો બરાબર છે પણ તેમાં હૃદય, લાગણી જેવું કંઇ નથી.

એકાએક મહેતાજીને લાગ્યું કે જાણે મંદિર, રસ્તે અને બધે જ માણસો નથી પણ માત્ર તેના પડછાયાઓ છે. જે કયારેક લાંબા તો કયારેક ટૂંકા થતાં રહે છે. આ પડછાયાઓમાંથી માનવનું અસ્તિત્વ ખોવાઇ રહ્યું છે. તે વિચારવા લાગ્યા કે પટેલને આશ્વાસન પણ શું આપું? પોતાના મગજમાં જે આવ્યું તેને આમતેમ કરી કંઇક શબ્દો ને ન્યાય જરૂરથી કરશે. અને કૂતરાને પ્રેમ કરવાથી શનિદેવ પ્રસન્ન થાય છે.' આ સાંભળી પટેલે કહ્યું, 'પણ મહેતા સાહેબ આ કૂતરો જ અહીં તો આખી મુસીબતનું કારણ છે.'

'ના, પટેલભાઇ નિરાશ ન થશો. ભગવાન સૌ સારાવાના કરશે.' મહેતાજીએ જે વાક્ય તેમને કહ્યું તેની નિરર્થકતા તે ખુદ જાણતા હતા.

- vanvihari@gmail.com

# કોઈ પણ સંબંધમાં આપીને પામવાનું નામ એટલે પ્રેમ

## ગુલમહોર

- દિનેશ દેસાઇ

એક સરસ મજાની ઉક્તિ છે કે - આદર એને આપો કે જયારે તમારે જરુર હોય ત્યારે વ્યક્તિ પોતાના વ્યસ્ત સમયમાંથી પણ તમારા માટે સમય કાઢે છે પરંતુ પ્રેમ એને કરો કે જયારે તમારે જરુર હોય ત્યારે એ વ્યક્તિ પોતાના કિમતી સમયની ચિંતા કર્યા વિના પુરો સમય તમારા માટે ફાળવે છે.

આ દુનિયામાં જો કોઈ સૌથી મોંઘી કે મૂલ્યવાન ભેટ હોય તો એ સમયની ભેટ છે, સમયની ભેટ એટલે શું તમારી જિંદગીના સમગ્રપણામાંથી એક નાનકડો ભાગ, નાનકડો ટુકડો એટલે સમય, કે જે તમે કોઈને આપો છો. તમારી જિંદગીનો આ એવો સમય યા ટુકડો છે, જે તમે ક્યારેય અને કદી પણ કોઈ પાસે પાછો માગી શકવાના નથી.

પ્રેમ એટલે શું? અને રિલેશનશીપ - સંબંધ એટલે શું? વેરી સિમ્પલ. બેઉ ફિલિંગ્સ પક્ષીને હાથમાં પકડવા જેવી છે. જો બહુ ભાર દઈને પકડશો તો એ મુરઝાતું જશે, શ્વાસ નહીં લઈ શકે, ગુંગળાઈ જશે અને જો થોડી ઢીલાશ રાખશો, પકડ છુટી રાખશો તો તરત એ ડી જશે. આવું આપણે અગાઉ પણ વાંચ્યું હોય, સાંભળ્યું હોય છતા સમજવું અને અમલમાં મૂકવું મુશ્કેલ હોય છે. આમ તો દરેક સિગારેટના પેક ઉપર અને દરેક તમાકુના પેક ઉપર વૈધાનિક ચેતવણી લખી જ હોય છે ને.

સ્ત્રી એક પ્રિયા તરીકે, જીવનસાથી તરીકે પુરુષ પાસે શું અપેક્ષા રાખે, કેવી અપેક્ષા રાખે એને કોઈ ધન-દોલત કે તાજમહેલની કામના યા ઈચ્છા હોતી નથી કે જેવું પુરુષ ધારે છે.

**પ્રેમ જયારે આપવામાં આવે ત્યારે કવિ મકરંદ દવેની આ ગીતપંક્તિ પણ યોગ્ય છે કે ગમતું મળે તો અલ્યાં ગુંજે નવ ભરીએ ને ગમતાનો કરીએ ગુલાલ... આવી, ગમતું વહેંચવાનો આનંદ એટલે પ્રેમ, એનું કોઈ મૂલ્ય ના હોઈ શકે, પ્રેમ આપવાથી તમને પ્રેમ પાછો મળશે એવી આશા રાખવી પણ નકામી છે**

એને (૧) પહેલી વાત તો એ કે કોઈ પણ સ્ત્રી (નામરુપ જૂજવા...યુવતી, કન્યા, કન્યા, છોકરી) જયારે કોઈને ચાહવા લાગે ત્યારે એની સામી વ્યક્તિ પાસે કોઈ અપેક્ષા કે માગણી કદીય હોતી નથી. (એનો અર્થ એટલો જ કે જો એવી માગણી કે અપેક્ષા સંબંધની વચ્ચે આવે તો એ પ્રેમ નથી.) (૨) સ્ત્રી પ્રેમસંબંધમાં ફક્ત અને ફક્ત એટલું જ ઈચ્છે છે કે કોઈ એની નાનકડી કાળજી લે, નાનામાં નાની વાતની કેર કરે. (૩) સ્ત્રી ઈચ્છે છે કે પોતાનો સાથી પ્રેમના બે શબ્દ બોલે અથવા લખે. જે એના માટે કોઈ એસેટથી કમ નથી હોતા. (૪) સંબંધ દરમિયાન સ્ત્રી ઈચ્છે છે કે તેના સાથીનો સુપ્રભાત સંદેશ, ગૂડ મોર્નિંગ-મેસેજ તેને નિયમિત મળે કે જે સંદેશ તેનો આખો દિવસ પ્રેમમય બનાવી મૂકે છે. (૫) સ્ત્રીને પોતાનો સાથી વહાલથી જુદા જુદા નામ દઈને બોલાવે એવું ગમતું હોય છે. એથી તેને એવી ફિલિંગ્સ થાય છે કે પોતે ભાગ્યશાળી છે. પોતાને મળ્યો છે એવો અને એટલો પ્રેમ દુનિયામાં બીજા કોઈને મળ્યો નથી એવું મહેસુસ કરીને પોતે ગર્વ પણ અનુભવે છે. (૬) સ્ત્રી કદીય એવું કહેતી કે ઈચ્છતી નથી કે પોતાના સાથીએ આમ કરવું જોઈએ અથવા તેમ કરવું જોઈએ. એટલે કે પોતે કહે એમ સાથી કરે એવું નહી, સાથી દ્વારા ફક્ત પોતાની કાળજી લેવામાં આવે અને વહાલભર્યા શબ્દો કહેવામાં આવે. (૭) સ્ત્રી ક્યારેક પોતાના સાથી સાથે કોઈ મુદ્દે લડે કે ઝગડે પણ છે, એનો અર્થ સ્ત્રીનો ઈગો કે એટિટ્યુડ પ્રોબ્લેમ નથી, સ્ત્રી પોતાના સાથી પ્રત્યે પઝેસિવ હોય છે, એટલે આવું બને છે. (૮) સ્ત્રી પોતાના સાથી માટે હંમેશા રાહ જોવા માટે તૈયાર જ હોય છે. શરત માત્ર એટલી કે પોતાનો સાથી આવી પ્રતીક્ષા જલદીથી પુરી કરી દે. (૯) સ્ત્રીને જિંદગીમાં પોતાના પ્રેમાળ સાથી મળવાની સાથે જ દુનિયાભરની બધી જ ખુશીઓ મળી ગઈ હોય એટલો આનંદ થઈ જ રહ્યો હોય છે, એને પોતાના સાથી સિવાય કશાયની જરુર રહેતી નથી. સ્ત્રી માત્ર એટલું જ ઈચ્છતી હોય છે કે પોતાનો પ્રેમ, પોતાનો સાથી સાથ ના છોડી દે. આ છે પ્રેમની સરળતા અને સહજતા.

ઓશોએ કહ્યું છે કે પ્રેમ અને સેક્સ એ તો જીવનના બે વિરોધી અંતિમ છે. સામાન્ય રીતે તો આ બેઉ બાબત બધાની નજરે એકમેક સાથે જોડાયેલી જ લાગે. પરંતુ તેમના મતે એવું નથી. તેઓ કહે છે કે જીવનને પ્રેમથી ભરપુર બનાવવું જોઈએ. કોઈ કહે કે તે પ્રેમ કરે છે, પરંતુ એવું બનતું નથી. વ્યક્તિ પ્રેમ કરતી નથી, પ્રેમની આશા અને અપેક્ષા જ રાખે છે. પ્રેમ કરવો અને પ્રેમની અપેક્ષા રાખવી, એ બે બાબત જુદી જુદી છે. પ્રેમની અપેક્ષા કે પ્રેમની ચાહના રાખવી એ બાળક જેવી વાત છે. આ અર્થમાં ઘણા લોકો તો આખી જિંદગી બાળક જ રહી જાય છે અને બાળક સ્વરુપમાં જ મૃત્યુ પામે છે. મનથી સમજદાર અને પુખ્ત માણસ જ પ્રેમ આપી શકે, પ્રેમ કરી શકે.

કોઈને પણ પ્રેમ આપવો કે પ્રેમ કરવો એ બહુ અદભુત અનુભૂતિ છે. બાળકો મા-બાપ પાસે પ્રેમની અપેક્ષા રાખે છે. જો મા-બાપ બિઝી હોય અને બાળકને પ્રેમ ન આપે તો બાળક નારાજ થઈ જાય છે. આવા બાળકો મોટા થયા પછી ભાઈ-બહેન અથવા લગ્ન પછી પોતાના પતિ કે પોતાની પત્ની પાસે પ્રેમની અપેક્ષા રાખ્યા જ કરે છે. સમગ્ર મામલામાં વાત એટલી જ કે જે કોઈ પ્રેમ ચાહે યા પ્રેમની અપેક્ષા રાખે તેણે દુઃખી થવાનો જ વારો આવે. પ્રેમ કોઈ ભીખ નથી કે પ્રેમ કોઈ માગવાની વસ્તુ જ નથી. આપવાનું નામ પ્રેમ છે. આપીને પામવાનું નામ પ્રેમ છે. જો તમે પ્રેમની અપેક્ષા રાખો અને જેની સાથે અપેક્ષા રાખો છો એ પણ તમારી પાસે પ્રેમની અપેક્ષા રાખે છે, તો એનો અર્થ એવો થાય કે બેઉ માગનારાઓ ભેગા થયા છે. કોઈની પાસે આપવા જેવી અમીરી કે ઉદારી નથી. આપવા માટે બેમાંથી એક જણ પણ સમર્થ નથી.

લગ્નજીવન સુખી છે એવું ઓછું હોય છે અને લગ્નજીવન સુખી હોવાનો દંભ મોટા ભાગે સમાજમાં સ્માઈલ કરીને દેખાડવામાં આવતો હોય છે. પતિ-પત્ની સ્માઈલ આપતા ફોટા પડાવે પણ છે. જો કે આ સ્માઈલ પાછળની વેદના માત્ર તેઓ જ જાણતા હોય છે. લગ્નજીવન યાતનામય રહેવાનું કારણ એટલું જ છે કે પતિ પોતાની પત્ની પાસે અને પત્ની પોતાના પતિ પાસે પ્રેમ માગ્યા જ કરે છે, અપેક્ષા ઉભી જ હોય છે કે જે ક્યારેય પુરી થતી જ નથી.

(અનુસંધાન પાના નં. ૬ પર)